ગાંધીનગર સમાચાર

**ખ-માર્ગને સિકસલેન બનાવાના કામમાં રૂકાવટ**

# કરાઈમાં પોલીસ અધિકારીઓને ૧૦ પ્રકારની તાલિમ અપાય છે

## સાત ગામમાં જમીનનું ધોવાણ થતુ અટકાવવા માટે સંરક્ષણ દિવાલ બનાવવામાં આવી છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના (ઉ)ના ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલે કરાઈ પોલીસ તાલિમ અકાદમીમાં અપાતી તાલિમ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું છે કે કરાઈ ખાતે ૧૦ જુદા જુદા વિષયોને આવરી લેતી તાલિમ આપવામાં આવે છે.

સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૮૨૭ અધિકારીઓ/કર્મચારીઓને બેઝિક તાલિમ, રિફ્રેશર, સેમિનારનું આયોજન કરી તાલિમ આપવામાં આવી છે.



**વિધાનસભામાં ગાંધીનગર** - પ્રકાશ જહા

● **જિલ્લામાં પશુ દવાખાના અને મહેકમ**

માણસાના કોંગીના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરીએ જિલ્લામાં પશુ દવાખાના અને પશુધન પ્રાથમિક સારવાર કેન્દ્રો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૨૩ પશુદવાખાના અને ૧૩ પશુ સારવાર કેન્દ્રો આવેલા છે.

ગાંધીનગર તાલુકામાં ૫ પશુ દવાખાના તેમજ ૪ પશુ સારવાર કેન્દ્ર, દહેગામમાં ૬ પશુ દવાખાના અને ૪ પશુ સારવાર કેન્દ્ર, માણસામાં ૬ પશુ દવાખાના અને ૩ પશુ સારવાર કેન્દ્ર, કલોલમાં ૬ પશુ દવાખાના આવેલા છે.

ઉક્ત પશુ દવાખાનામાં પશુ ચિકિત્સક અધિકારી વર્ગ-૨ની ૪ જગ્યા, પશુધન નિરીક્ષકની-૧, ડ્રેસરની-૨ અને એટેન્ડન્ટ કમ ડ્રેસર પટાવાળાની-૧ મળી કુલ ૮ જગ્યાઓ મંજૂર થયેલ મહેકમની ખાલી પડેલ છે.

પશુ ચિકિત્સા અધિકારી માટેની જગ્યા માટે જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે. પશુધન નિરીક્ષક વર્ગ-૩ની જગ્યા જિલ્લા પંચાયતે ભરવાની થાય છે. જ્યારે ડ્રેસર કમ એટેન્ડન્ટની જગ્યા વર્ગ-૪ની પંચાયત મારફતે આઉટ સોર્સિંગથી ભરવામાં આવે છે. તેમ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● **ખેડૂતોને પિયતનો લાભ**

દહેગામના કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે દહેગામ તાલુકાના ખાતરી બા વહેળા દ્વારા ખેડૂતોને પિયતનો લાભ અપાતો નથી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખાતરી બા વહેળાના કાંઠાના ૨૦ ગામોને ભૂગર્ભ જળ રિચાર્જ થવાથી પરોક્ષ રીતે પિયતનો લાભ મળે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ વહેળાની સફાઈ અને નિભાવણી પાછળ છેલ્લા એખ વર્ષમાં રૂ. ૧૮.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

● **કેરકાયદે દબાણ**

કલોલના કોંગી ધારાસભ્ય શ્રી બલદેવજી ઠાકોરે કલોલ તાલુકાના ખાત્રજ-વડસર અને ખાત્રજ ભોંયણ મોટી જતા સરકારી નાળિયામાં ગેરકાયદે દબાણ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ આ માર્ગ પર કોઈ ગેરકાયદે દબાણ નથી.

● **દૂધાળા પશુઓના શેડના લાભાર્થી**

ગાંધીનગર જિલ્લામાં દુધાળા પશુઓ માટે શેડ બનાવવા અંગે કોઈ યોજના અમલમાં છે કે કેમ ? તેવા કોંગીના શ્રી અમીત ચૌધરીએ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે હા આવી યોજના અમલમાં છે અને તે અંતર્ગત દહેગામ અને કલોલ તાલુકામાં ૬ લાભાર્થીઓને રૂ. ૧ લાખ ૮ હજારની સહાય પણ ચુકવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



હોલી આઈ રે... - હોળી-ધૂળેટીના પર્વો ગુજરાતની સંસ્કૃતિ સાથે વણાઈ ગયા છે... હોળી ભૂખ્યા રહેવાની પરંપરા આપણી સામાજીક વ્યવસ્થામાં ગોઠવાઈ છે... હોળીના દિવસે ધાણી, ચણા, સીંગ ખાઈને દિવસ પસાર કરવાનો હોય છે... અને વૈજ્ઞાનિક સત્ય એ પણ છે કે, શિયાળાની વિદાય સાથે કફ-શરદીને વિદાય કરવા ધાણી-ચણા અકસીર ઈલાજ છે... અને એટલે જ આપણા આચાર્યોએ વિજ્ઞાનને ધર્મ સાથે જોડીને આપણને ઋતુ પ્રમાણે ઉપચારો પરોક્ષ રીતે સુચવ્યા છે... (તસવીર : દિપક જાની)

# ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૭૯૯એ તત્વજ્ઞાનની પરીક્ષા આપી

## ધોરણ-૧૦ અને ૧૨માં આજે વિજ્ઞાન અને કેમેસ્ટ્રીનુ પેપર

ગાંધીનગર તા ૯

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શરૂ થયેલી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષામાં પ્રથમ દિવસે ગુજરાતી અને ભૌતિક શાસ્ત્રનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો હતો. જયારે આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં તત્વજ્ઞાન વિષયની પરિક્ષામાં ૮૬ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ગુરુવારે ધોરણ ૧૨માં કેમેસ્ટ્રી તેમજ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન વિષયની કસોટી યોજાશે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગઈકાલથી શરૂ થયેલી બોર્ડની પરિક્ષાના પ્રથમ દિવસે ગુજરાતી અને ભૌતિક વિજ્ઞાન વિષયનુ પેપર સરળ અને પાઠ્ય પુસ્તક આધારિત નીકળતા વિદ્યાર્થીઓમાં ખુશહાલી જોવા મળી હતી. બોર્ડ પરિક્ષાના પ્રારંભે જ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ તણાવમુકત થયા હતા.

પરિક્ષાના બીજા દિવસે ધોરણ ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે રજા હતી. જયારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં આજ તત્વજ્ઞાન વિષયની પરિક્ષા લેવાઈ હતી. જેમાં જિલ્લામાંથી ૩૮૮૫ પૈકી ૩૭૯૯ વિદ્યાર્થીઓએ પરિક્ષામાં હાજરી આપી હતી. જયારે ૮૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. બોર્ડ પરિક્ષામાં ગુરુવારે ધોરણ-૧૦માં વિજ્ઞાન તેમજ ધોરણ-૧૨માં કેમેસ્ટ્રીની પરિક્ષા લેવાશે.

# જિલ્લાના ૧૮ ગામોમાં આજે પણ ગૌચર નથી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના ૧૮ ગામોમાં આજે પણ ગૌચર નહિ હોવાનું મહેસુલ મંત્રીશ્રીએ સ્વીકાર્યું છે.

કોંગીના ડૉ. તેજશ્રી બેન પટેલે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ગૌચર ન હોવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ૮૩ ગામમાં અને ગાંધીનગર જિલ્લામાં ૧૮ ગામોમાં ગૌચર નથી.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે અમદાવાદ જિલ્લામાં ૩૩ ગામો મ્યુનિ.કોર્પોરેશનમાં સમાવિષ્ટ થયેલા હોઈ તેથી ગૌચરનો પ્રશ્ન નથી. બાકીના અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના તમામ ગામોની નજીકના ગામોમાં પર્યાપ્ત ગૌચર ઉપલબ્ધ છે.

મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે તેમના વિભાગના ૧-૪-૧૫ના ઠરાવથી નિયત થયેલ ગૌચર નીતિ અંતર્ગત જમીનના વિકાસ, સંવર્ધન અને જાળવણી બાબતે ગૌચર ડેવલપમેન્ટ મિશન અંતર્ગત કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જયાં જરૂરિયાત જણાતી હોય ત્યાં ગ્રામ પંચાયતની દરખાસ્ત અનુસાર ગૌચરની જમીન નીમ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવે છે.

# ખ-માર્ગને સિકસલેન બનાવાના કામમાં રૂકાવટ

## જાહેરનામુ પ્રસિધ્ધ ન થતા હાલ પુરતુ કામ બંધ : ખ-૦ ચોકડી પાસે પોલીસ એજન્સીના જ વાહનો અટકાવતા રસ્તાના કામમાં અવરોધ ઉભો થયો હોવાનો ગણગણાટ

ગાંધીનગર તા ૯

ખ માર્ગને સિકસલેન બનાવવાની કામગીરીમાં રૂકાવટ ઉભી થઈ છે. છેલ્લા બે દિવસથી એજન્સી દ્વારા કામ બંધ કરી દેવામાં આવ્યુ છે. ખ માર્ગને વન વે કરવા માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં વિલંબ થતા પોલીસની કનડગતના લીધે રસ્તાના કામમાં અવરોધ ઉભો થતો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં માર્ગની કામગીરીમાં રૂકાવટ આવી છે.જયારે સંબંધિત એજન્સી પણ જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ જ કામ હાથ ધરશે તેમ પણ આંતરિક સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરના ખ માર્ગને સિકસલેન બનાવવાની કામગીરી શરૂ કરાયા બાદ છેલ્લા બે દિવસથી કામ બંધ કરી દેવામાં આવ્યુ છે. મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગને સિકસલેન બનાવવા અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. જયારે માર્ગને બન્ને સાઈટથી સાડા ત્રણ મીટર પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. જયારે આ માર્ગને પહોળો કરવા માટે તંત્ર દ્વારા એક મહીના માટે રસ્તાને વન વે કરવા માટે વહીવટી તંત્રને જાહેરનામુ પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. જયારે આ દરમિયાન માર્ગના કામમાં રૂકાવટ ઉભી થવા પામી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ખ-૦ ચોકડી પાસે પોલીસ દ્વારા રસ્તાનુ કામ

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **રતિભાઈ રામદાસ પટેલ** તા. ૫/૩/૨૦૧૬ને શનિવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૦/૩/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સોમેશ્વર સોસાયટી, પ્લોટ નં. ૮૩૭, સેક્ટર-૨૭, લાલ પટ્ટા, ડી.એસ.પી. ઓફીસ પાસે, ગાંધીનગર મો. નં. ૯૮૨૪૬ ૮૧૭૦૦, ૯૮૨૪૪ ૧૨૨૩૭**

ભરતભાઈ રતિભાઈ પટેલ (પુત્ર) — સ્વ. બળદેવભાઈ રામભાઈ પટેલ (ભાઈ)
હરેશભાઈ રતિભાઈ પટેલ (પુત્ર) — હરિભાઈ રામભાઈ પટેલ (ભાઈ)
સ્મિતાબેન ભરતભાઈ પટેલ (પુત્રવધુ) — વિરલ ભરતભાઈ પટેલ (પૌત્ર)
હીનાબેન હરેશભાઈ પટેલ (પુત્રવધુ) — કિશન ભરતભાઈ પટેલ (પૌત્ર)
પૂર્વ પ્રમુખ, જિલ્લા પંચાયત, ગાંધીનગર

**સમસ્ત રામદાસ લલ્લુદાસ પટેલ પરિવાર (કુડાસણ)**

**પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**



(તસવીર : દિપક જાની)

બાળ ફિલ્મ મહોત્સવ - ગાંધીનગરમાં આરંભાયેલ બાળ ફિલ્મ મહોત્સવમાં પાંચ કેરેવાન ટૉકિઝ આવી પહોંચી છે... આગામી ત્રણ દિવસ નગરની સેવાવસ્તીના બાળકોને કેરેવાન ટૉકિઝ દ્વારા ફિલ્મો બતાવવામાં આવશે...

# સેક્ટર-૧૨ જ-૨ કક્ષાના આવાસોના રીનોવેશનના અંતે રહીશોને કોઈ સુવિધા નહી

## કામગીરીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ : મીટર બોર્ડમાંથી પણ પાણી ટપકતા ગમે ત્યારે અકસ્માતની સંભાવના

ગાંધીનગર તા ૯

સે-૧૨માં સરકારી મકાનોના રીનોવેશનમાં સદંતર વેઠ ઉતરી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સરકારી આવાસોના રીનોવેશન પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યા બાદ પણ રહીશોને કોઈ સુવિધા ન મળતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સેકટરના જ-૨ કેટેગરીના મકાનોમાં ઈલેક્ટ્રીક બોર્ડમાંથી પાણી ટપકતુ હોવાથી ગમે ત્યારે શોટ સર્કીટ થાય તેવી દહેશત પ્રવર્તી છે. જયારે આવાસોના રીનોવેશનની કામગીરીમાં પણ ગુણવત્તાના નામે મીંડુ ચિતરાયુ હોવાનુ સ્પષ્ટ થયુ છે.

શહેરમાં સરકારી આવાસોના નવિનીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આમછતા મકાનોના રીનોવેશનની કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા આમ નાગરિકોને સુવિધા મળતી નથી. સરકારી આવાસોના રીનોવેશનની કામગીરીમાં ભ્રષ્ટાચાર થતો હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. જયારે મકાનોની કામગીરીના અંતે તાદ્રશ્ય થતી સ્થિતિ પણ તંત્રના ભ્રષ્ટ વહીવટનો ચિતાર રજુ કરતી હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે.

સે-૧૨માં જ-૨ કક્ષાના મકાનોની રીનોવેશનની કામગીરીમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે આવાસોના નવિનીકરણ બાદ પણ રહીશોને જરૂરી સુવિધા ઉપલબ્ધ થતી નથી. બ્લોક નં-૭૬ થી ૭૮માં રીનોવેશનની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે.પરંતુ મકાનોની કામગીરીના અંતે તેમાં પાણીના નળ કે લાઈટ પાણીની સુવિધા નથી.

બ્લોકનં ૮૦-૩માં ઈલેક્ટ્રીક મીટરમાંથી પાણી ટપકે છે. જેના પરિણામે ગમે ત્યારે શોર્ટ સર્કીટ થાય તેવી સ્થિતિ છે. સરકારી આવાસોના મકાનોના રીનોવેશનના અંતે કામગીરીમાં ગુણવત્તા અને પુર્ણતા જળવાય તે માટે વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા સ્થિતિનુ નિરિક્ષણ કરવામાં પણ આવતુ નથી જેના લીધે આવાસોનુ કામ રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

**લોક વિકાસ મંચ**

ગાંધીનગર શહેરના જનહિતાર્થે, શહેરના સ્વચ્છ, પારદર્શક અને કરકસરયુક્ત વહીવટના સંદર્ભે શહેરના જ નિવૃત્ત અધિકારીઓ / કર્મચારીઓ તથા નાના-મોટા વેપારીઓ / બુદ્ધિજીવીઓ દ્વારા ‘લોક વિકાસ મંચ’ની રચના કરવામાં આવી છે.

શહેરનો હાલનો વહીવટ સરકારશ્રીને પુનઃ સુપરત કરી, નગરજનોને વેરામુક્ત કરવાના સઘન પ્રયત્નો સાથેના અમારા અભિયાનને વેગ આપવા માંગતા અને આગામી મ ન પા ચૂંટણીમાં ઉમેદવારી કરવા તથા કાર્યકર તરીકે જોડાવા ઈચ્છતા નગરજનોને નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

સંપર્ક : સમય : સાંજે ૪-૦૦ થી ૬-૦૦
**લોક વિકાસ મંચ**
૩૨૬, કૌન્તેય કોમ્પ્લેક્ષ, બીજો માળ, દેના બેન્કની પાછળ, ઘ-૪, સેક્ટર નં.૧૬, ગાંધીનગર

# સ્માર્ટ સિટીમાં સહભાગીતા કરવા કોરિયાની તૈયારી

અમદાવાદ,તા. ૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની આજે ગાંધીનગરમાં કોરિયા રિબલ્કિન ભારત સ્થિત કોન્સ્યુલ જનરલ સુન્ગુન કિએ તેમના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત લીધી હતી. કિમ પોતાનો પદભાર સંભાળ્યા બાદ પ્રથમવાર ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. મુખ્યમંત્રી સાથેની આ મુલાકાત બેઠકમાં તેમણે ગુજારતમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ અંતર્ગત રોકાણો માટેનું શ્રેષ્ઠ વાતાવરણ અને ૧૬૦૦ કિમીના વિશાળ વ્યૂહાત્મક દરિયાકિનારે વિકાસની વિપુલ સંભાવનાઓથી તેઓ પ્રભાવિત થયા હોવાનું જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ ગુજરાત ઓટોમોબાઈલ, પ્લાસ્ટિક, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રે અગ્રેસર છે તેની ભૂમિકા આપતા જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ ક્ષેત્રે પણ ગુજરાતને અવ્વલ બનાવવાની નેમ સાથે ગુજરાત સરકારે પ્રોત્સાહક ઈટી પોલિસી પણ જાહેર કરી છે. તેમણે કોરિયાએ સમુદ્રની જમીન રિકલેમેશન વિષયે વિષયે જે જ્ઞાન તકનીક વિકસાવ્યા છે તેનો વિનિયોગ ગુજરાતનું કલ્પસર પ્રોજેક્ટ માટે કરવાની તથા આની સફળતાને પગલે આવી રિકલેમેશન થયેલી જમીન ઉદ્યોગો માટે ફાળવી શકવાની શક્યતાઓ અંગે કોરિયા ગુજરાત વચ્ચે પરસ્પર જ્ઞાન તકનીક આદાન પ્દાનની તત્પરતા વ્યક્ત કરી હતી.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com